

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

નાના કંપથી ઘર ભાંગતા નતી, ફાટ પડે છે,
નાની ઉપેક્ષાથી લોખંડ સંબંધે કાટ ચડે છે,
ચાટ પડે છે સ્નેહે, નાની-નાની અવગણનાથી -
જીવનમાં ખોટા અભિમાનોથી જ દાટ વડે છે.

**હાઈકુ**

જોડતાં શીખો
સ્નેહના સંબંધોને
કાપવા નહીં

અરે ! પૈસો તો -
આજ છે, કાલ નથી -
સ્નેહ સ્થાયી છે.

### ચિંતન

*આપદાં કથિતઃ પંથાઃ ઈન્દ્રિયાણાંમ સંયમઃ ।*
*તજ્જયઃ સંપદા માર્ગો યેનેષ્ટં તેન ગમ્યતામ્ ॥*

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

ઈન્દ્રિયો પર સંયમનો અભાવ હોવો, એ આફત-આપત્તિઓનો માર્ગ છે. તેની ઉપર નિયંત્રણ - વિજય એ સંપત્તિનો માર્ગ કહેવાય છે. જે ઈષ્ટ હોય તે માર્ગને અપનાવ્યો.

ઈન્દ્રિયો પર સંયમ જરૂરી છે. સ્વાદની હોય, કે બોલવામાં જીભ સચવાઈ રહે છે. વાસના અને વ્યસન પર મનથી કાબૂ મેળવી શકાય છે. ખરાબ જોવું નહીં, સાંભવવું નહીં. એની પણ માનસિક ખૂબ જ અસર થાય છે. પંચેન્દ્રીય પર કાબૂ ન હોય તો જીવ જ્યાં ત્યાં ભટકી પતન પામે છે. આમ સંયમના અભાવથી આપત્તિઓ આવે જ છે. જો મન-જીભ-દૃષ્ટિ - શ્રવણ પર જીવનો આપણો સંપૂર્ણ કાબુ હોય તો જીવનના પગલે પગલે વિવેક આપણને જાગૃત રાખીને આત્મને આમ-થાય અને આમ ન થાયનું માર્ગદર્શન આપે છે. પરિણામે દુરાચરણથી બચી જવાય છે. અહીંયા માર્ગદર્શન આપતાં આ બે સંયમ અને અસંયમીનામાંતી તમને સુખી કે દુ:ખી થવું હોય તે માર્ગે જઈ શકો છો.

### સુવિચાર

- ધર્મ તો ફક્ત રસ્તો જ દેખાડે છે સાહેબ, પણ મુકામ પર 'કરમ' જ પહોંચાડે છે - **મોરારિ બાપુ**
- શ્રેષ્ઠ ક્ષણોમાં હાથ મિલાવીને સંબંધો ચમકતા હોય છે, પણ ગંભીર ક્ષણોમાં હાથ પકડીને તે ખીલે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- રંગ તમારા અસ્તિત્વમાં હોવા જોઈએ, પરિસ્થિતિ તો બ્લેક એન્ડ વ્હાઈટ જ રહેવાની - **વિચારદીપ**
- આપણા સંસ્કાર આપણને નમવાનું જરૂરથી શીખવે છે પરંતુ કોઈના અભિમાન સામે નહીં - **ચંદ્રકાન્ત બક્ષી**
- જીવનની સુગંધ એની પાસે જ છે, જેમને ખીલવા અને ખરવાની ક્ષણો વચ્ચે મહેંકી જવાનો ખ્યાલ છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- રસ્તા ઘણા છે ને મંઝિલ એક છે, ભગવાન એક છે ને હજાર સવાલ છે, હજાર ફુલ છે ને એક માળી છે, કેટલું ગજબ છે કે તકદીર હાથમાં છે ને હાથ ખાલી છે - **રાજેન્દ્ર શાહ**
- આજનું ઔષધ : બીલ્વ ફળનો ગર્ભ અડધી ચમચી ને દહીંમાં મિક્સ કરીને સવાર-સાંજ ખાવથી મરડો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નગરશેઠ અને રાજાને ગાઢ મૈત્રીમાં અચાનક ઓટ આવવા લાગી. શેઠને ચંદનના લાકડાના વેપાર હતો જેમાં વેચાણ ઓછું થવા લાગ્યું હતું. શેઠે વિચાર કર્યો કે જો રાજાનું મૃત્યુ થાય તો મારા ચંદનના લાકડા મોંઘા ભાવે વેચાઈ જાય. અને મોટો નફો થાય. એ સાંજે શેઠે રાજાને મળ્યા ત્યારે રાજાને વિચાર આવ્યો કે મારો મિત્ર હોવાથી નગરશેઠ ખૂબ ધનવાન બન્યા છે. અને એવો કોઈ કર નાખું તો નગરશેઠ ને વધુ કર ભરવો પડે છે અને રાજભંડારમાં વધારો થાય. બંનેના અશુભ વિચારે એમના સંબંધોની ઉષ્મા ઓછી થઈ રહી હતી. શેઠે રાજાને કહ્યું, 'રાજન, હમણાં હમણા આપણે મળીએ છીએ, સાથે ભોજન લઈએ છીએ, કોઈ વાદ-વિવાદ નથી તેમ છતાં પહેલાં જૈવી મૈત્રીનો ગાઢ અનુભવ કેમ થતો નથી?' રાજાએ કહ્યું, આપણે બંને સંતને મળીને આનું કારણ જરૂર જાણીએ. સંતે બંનેને એક પછી એક બોલાવીને એમની વાત જાણીને એમના મન પારખી લીધા. પછી બંનેને એક સાથે બોલાવીને કહ્યું, 'સાવ સ્પષ્ટ છે તમારી મૈત્રીમાં ઓટ આવવાનું કારણ પહેલા તમે પરસ્પરને શુદ્ધ ભાવથી મળતા હતા. એકબીજાની સમૃદ્ધિ માટે માન ધરાવતા હતા, પરંતુ હમણાં તમારા મનમાં અશુભ વિચાર આવ્યો એટલે તમારી મિત્રતાનો આનંદ ઓછો થઈ ગયો.' સંત શેઠને કહ્યું, 'ચંદનના લાકડા વેચાય તે માટે તમે રાજાના મૃત્યુની કામના કરી એની જગ્યાએ એવું કેમ ન વિચાર્યં કે રાજાને ચંદનનો મહેલ બનાવવાનો વિચાર આવે અને તમારું ચંદન વેચાઈ જાય. તમે અશુભ વિચાર કર્યો એનો પડધો રાજાના મનમાં પડ્યો અને રાજાએ તમારા માટે અનુચિત વિચાર કર્યો. શુભ વિચાર પ્રેમની વૃદ્ધિ કરે છે અને અશુભ વિચાર પ્રેમની હાનિ કરે છે.' સંતે કહ્યું, હવે તમે બંને સાચા દિલથી પ્રાયશ્ચિત કરીને મનને શુદ્ધ કરો તો પહેલાં જેવો જ મૈત્રીનો આનંદ પ્રાપ્ત કરો.

# ડ્રગ્સ મુદ્દે ગંભીર બનવાની જરૂર

**તંત્રીસ્થાનેથી...**

હાઈ પ્રોફાઈલ ડ્રગ કાંડમા બોલીવુડના સુપરસ્ટાર શાહરૂખ ખાનનો કુંવર પકડાયો હોઈ એ કેસ પ્રત્યે દેશ અને દુનિયાની ઈંતેજારી વધી ગઈ છે. ભારતનું યુવાધન ડ્રગ્સના રવાડે ચડ્યું હોવાની ચિંતા તો સંતો મહંતોથી લઈ રાજકારણીઓ અને બુદ્ધિજીવીઓ ઘણાં વર્ષોથી કરતા આવ્યા છે પણ એનું કશું નોંધપાત્ર પરિણામ નથી મળ્યું. સરકારે ડ્રગ્સ લેનાર, વેચનાર અને વહેંચનાર વિરુદ્ધ કડક પગલાં લઈ શકાય એ માટે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો જેવી સંસ્થા (એજન્સી) તથા કાયદાની વ્યવસ્થા જરૂર કરી છે પણ ધંધો ધમધોકાર ચાલતો રહે છે એટલું જ નહીં, એના તાર આંતરરાષ્ટ્રીય સ્મગલરો તથા આતંકવાદીઓ સાથે જોડાયેલા છે અને એમની રાજકીય નેતાઓ સાથે સાંઠગાંઠ છે તે પણ કોઈથી અજાણ્યું નથી રહ્યું. જેની પાસે હદ બહારનાં નાણં ભેગાં થઈ જાય છે એવા જ લોકો અને ખાસ તો એવા ધનકુબેરોનાં બગડેલાં સંતાનો ડ્રગ્સના રવાડે ચડે છે. ડ્રગ્સ અને દારૂ આવા પરિવારો માટે તો સ્ટેટસ સિમ્બોલ બની ગયેલ છે. તાલિબાનની આવકનું સૌથી મોટું સ્રોત ડ્રગ્સનો વેપાર છે. બોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં ડ્રગ્સનું સેવન સામાન્ય પરિવારમાં ચા-કૉફી જેટલું વ્યાપક છે. શાહરૂખખાને એમના વંઠેલ વારસની ગળથૂથી જ ડ્રગ્સથી કરાવેલી છે. સિમ્મી ગરેવાલે એમને પૂછેલા સવાલનો ઉડાઉ જવાબ આપતાં એણે જે વિધાન કરેલું તે કાળક્રમે અક્ષરક્ષઃ સાચું પડ્યું છે. એણે પુત્ર આર્યન પોતે બાળવળે જે શોખ ન કરી શક્યો તે બધા કરે અને ડ્રગ્સ ઉપરાંત ભરપૂર સેક્સ માણે, તોફાન મસ્તીવાળું જીવન જીવે એવી અભિલાષા વ્યક્ત કરી હતી. શાહરૂખનું બાળપણ ગરીબીમાં વીત્યું હોઈ એને આ બધું કરવા નહોતું મળ્યું એનો રંજ હતો ! દીકરાએ બાપની મંશા પૂરી કરવામાં કોઈ કસર છોડી નથી. માંડ વીસીમાં પ્રવેશ્યો છે ત્યાં એ અવળા ધંધે ચડી ગયો છે. એનું કારણ ઘરેથી મળેલી છૂટ ઉપરાંત અઢળક સંપત્તિ છે. એ 'બગડે' એનું સ્તો એનો સુપરસ્ટાર બાપ ઈચ્છતો હતો ! ભલે એણે એવું વિધાન મજાક મશ્કરીમાં કર્યું હોય પણ આજે એ સાચું પડ્યું છે. ચીની સુપરસ્ટારનો દીકરો જ્યારે ડ્રગ્સ કેસમાં ઝડપાયો ત્યારે એના વિશ્વવિખ્યાત પિતાએ એની કસી તરફેણ નહોતી કરી એને એના ગુનાની સજા મળવી જોઈએ એવો આગ્રહ રાખી પોતે એનાથી એક અંતર બનાવી દીધું હતું. કાયદાએ કાયદાનું કામ કર્યું હતું અને એ નબીરાએ પણ ગુનો કબૂલી લઈ જે સજા મળવાપાત્ર હોય તે ભોગવી લેવાની તૈયારી દર્શાવી હતી. આપણા કહેવાતા સુસંસ્કૃત દેશમાં સુપરસ્ટારમાં એવું કૌવત હોય જ ક્યાંથી ! એ દીકરાને નિર્દોષ છોડાવવા આકાશ પાતાળ એક કરશે. કરોડો રુપિયા ખરચીને મોંઘાદાટ વકીલો રોકશે. માનશિંદે નામના વકીલ આવા કેસોમાં 'માસ્ટર' ગણાય છે. સુશાંત રાજપૂતના રહસ્યમય મૃત્યુ પાછળ ડ્રગ્સ જ કારણભૂત હતા. એની પ્રેમિકા રિયા ચક્રવર્તીએ સુશાંત ડ્રગ્સ લેતો હોવાની જુબાની પણ આપી હતી. એનો કેસ પણ આ જ મહાશય લડેલા. અત્યારે શાહરૂખે સ્પેનમાં એની ફિલ્મ 'પઠાણ' નું શૂટિંગ અટકાવીને વકીલો અને પોલીસ અધિકારીઓ પાછળ ચક્કર મારવા શરૂ કર્યા છે. શાહરૂખની કહેવાતી પ્રતિષ્ઠા ખરડાઈ છે. જો કે બોલીવુડમાં પાનમસાલાથી લઈ દારૂ અને ડ્રગ્સ સુધીની આદતો બહુ જ સામાન્ય છે, એ જમાત કોઈ અનુકરણ કરવાલાયક મહાનુભાવો પેદા કરી શકી નથી. મનોરંજન પૂરતું જ એનું મહત્વ હોવું જોઈએ એને ઠેકાણે આપણે એમને 'રોલ મોડલ' બનાવી દઈ બુદ્ધિનું દેવાળું જ ફૂંકતાં રહ્યા છીએ. અમિતાભ બચ્ચનને સદીના મહાનાયક બનાવી દેનારી પ્રજા ગાંધીના હત્યારાને પણ કાલે પૂજે તો નવઈ ન લાગવી જોઈએ. ડ્રગ્સના રવાડે ચડાવી આખી પેઢીઓની પેઢીઓને ખતમ કરી દેવાના દુશ્મનોના ઈરાદા વેળાસર પારખવાની જરૂર છે. પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહ આ મુદ્દે ચિંતિત હતા. દેશના સમૃદ્ધ રાજયો ગુજરાત અને મહારાષ્ટ્ર તથા પંજાબ જેવાં રાજયોનો સમાવેશ થાય છે તે ડ્રગ્સના ભરડામાં આવી ચૂક્યાં છે તેની સરકારને ખબર છે અને છતાં સતત આંખ આડા કાન કરી માત્ર અને માત્ર સત્તા ખાતર આવાં તત્ત્વોને છાવરવા પડે છે.

# સંજય દત્તથી આર્યનખાન સુધી...



**મન-રંજન**

દ્વનિલ પારેખ

ફરી એકવાર સિનેમાની દુનિયા ડ્રગ્સને કારણે ચર્ચામાં છે. આમ તો થોડા જ વખત પહેલા કચ્છમાંથી કરોડો રુપિયાનું ડ્રગ્સ પકડાયું હતું પમ એના વિશે થોડો પણ ઊહાપોહ ન



પણ આ વખતે ચર્ચા એટલા માટે વધારે થઈ રહી છે કે શાહરુખ પુત્ર આર્યન ખાન એમાં સામેલ છે. સિને અભિનેતાના સંતાનો આ રીતે 'રૈવ' પાર્ટીઓ કરવા માટે જાણીતા છે અને એ પાર્ટીઓમાં કેવા ગોરખધંધા થાય છે એ પણ સૌ જાણએ છે. કેટલીય વાર સત્તા અને કાયદા તરફથી આવી પાર્ટીઓ પ્રત્યે આંખ આંડા કાન કરવામાં આવે છે. કારણ કે પાર્ટી સાથે મોટું નામ જોડાયેલું હોય છે. ફિલ્મની દુનિયામાં ફિલ્મોની ચર્ચા કરતા કદાચ આવા બધા મુદ્દાઓની ચર્ચા સતત થતી રહેતી હોય છે. સુશાંતસિંહ રાજપૂતના અપમૃત્યુ અને પછી એની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તી વખતે પણ આ ડ્રગ્સની ચર્ચા સતત ચાલી હતી. આમ તો સંજય દત્તની વાત તો વધારે જાણીતી છે. ડ્રગ્સ ઉપરાંત અન્ય ઘણાં ગંભીર ગુનાઓ કહી શાકય એવા ગુનાઓમાં સંજય દત્તનું નામ સંકળાયેલું છે અને એ માટે જેલનો અનુભવ પણ સંજય દત્તે લીધો હતો.

નિદા ફાઝલીનો એક શૅર છે :

'કભી કિસી કો મુક્કમિલ જહાં નહીં મિલતા,
કભી જમીં તો કભી આસમાં નહીં મિલતા.'

શાહરુખ પુત્ર સંદર્ભે પણ આ લાગુ પડે છે. પિતાની પાસેથી અઢળક દોલત અને સંપત્તિનો એ વારસદાર છે. એવું ખબર પડ્યા પછી એ અવળે રસ્તે ન ચડે તો જ નવાઈ ! ચારેક વર્ષથી એ ડ્રગ્સ લઈ રહ્યો છે એવી કબૂલાત એણે કરી હતી. હવે પોતાનું સંતાન ચારેક વર્ષથી ડ્રગ્સ લઈ રહ્યો છે એ વાત શું ઘરમાં ખબર જ નહીં હોય? ચાર વર્ષથી એ ડ્રગ્સ લઈરહ્યો છે તો એ માટેનાં નાણાં એની પાસે ક્યાંથી આવ્યા ! આ બધા પ્રશ્નોના જવાબ ઘણી વખત શંકાઓ ઊભી કરે છે. કોરોનાકાળ કે એ પછી શાહરૂખ ખાન વિશે ખાસ કશું સાંભળવા મળ્યું નથી. શાહરૂખ ખાને પોતે આ સમયગાળા દરમિયાન ખાસ એવું કશું કર્યું નથી કે એની ચર્ચા ચાલે. હા, અંગત સ્તરે એણે કોરોના દરમિયાન લોકોને મદદરુપ થવા માટે કશું કર્યું હોય તો ધ્યાનમાં નથી પરંતુ પોતાના સંતાન આર્યન ખાનને કારણે એ ફરી ચર્ચામાં આવ્યો છે. આર્યન ખાનથી જમાનત નામંજૂર થઈ છે એણે રિમાન્ડમાં રહેવું પડશે.

મનોરંજનની આ દુનિયામાં ઘણાં વરવા પરિણામો છે. આગળ આ જ કોલમમાં પોર્ન ઈન્ડસ્ટ્રી વિશે પણ લખ્યું હતું. એ વરવા પરિણામોમાંથી એક આ બીજું પરિણામ ડ્રગ્સની - નશાની દુનિયા છે. મા-બાપની બેફામ આવકનો સંતાનો કેવી રીતે ઉપયોગ કરે છે એ સમજવા જેવં છે. ચાર વર્ષની ડ્રગ્સ લેતા દીકરા વિશે ઘરમાં ખબર ન હોય એ માની શકાય એવી વાત નથી. છતાં આર્યન ખાનનો કિસ્સો લાલબત્તી સમાન છે માતાપિતા અને સંતાનો બંને સામે !

# પ્રેમમાં અને અવકાશી સફરમાં માઈલસ્ટોન હોતા નથી



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

બધા જ સજીવો આ પૃથ્વી ઉપર સ્વયંના જીવનની સફર કરી રહ્યા છે. બધાની અનુબૂતિ અને અહેસાસ જુદા જુદા જોવા મળે છે. જીવન તો સળગતી સિગારેટ જેવું છે અથવા કહો કે ખળખળ વહેતી સરિતાના પ્રવાહ જેવું છે ત્યાં પણ અટકાવાનું નથી. જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ શામ. સુખનો ખરો આનંદ ખુદના અસ્તિત્વની ગુણવત્તા ઉપર ટકે છે ત્યાં દોડવા કરતાં છોડવામાં અધિકતમ્ આનંદ મળતો હોય તેવું જોવામાં આવે છે. હાલના યુગની કરુણતા એ છે કે માણસ જેટલું બહાર બતાવીને જીવે છે તેના કરતા વધારે અંદર દબાવીને જીવી રહ્યા હોવાથી બેચેની બંધ થતી નથી ! સફર કોઈ પણ હોય પણ વધુ મળી શકે. અંદર ધરબાયેલી અપેક્ષાઓ જંપવા દેથી નથી અને વ્યક્તિ સતત્ જે નથી મળ્યું તેની ગણતરી કર્યા જ કરે છે એટલે જ ચેન નથી. વિકલ્પોની ખાલી જગ્યા ભરાય છે, ખાલીપો નહિ !

પીપળાના પાનની શરૂ થઈ
જિંદગી તુલસીના પાન પર અટકે
આ બંને વચ્ચેના સમયમાં
જિંદગી કેટકેટલું ભટકે ??

પરિવર્તન આવતા જ રહેવાના છે તેને કોઈ રોકી શકતું નથી પરંતુ સફર દરમિયાન સહજ રીતે બધાને સ્વીકૃત આપતા રહેવાથી આનંદ તૂટી પડતો નથી આ એક મનોવિજ્ઞાનનું પાસું પણ છે હવાઈ જહાજમાં અને પ્રેમમાં આગળ ગયા કરીએ પણ ત્યાં કોઈ જ માઈલસ્ટોન હોતા નથી છતાં સફરને માણવાની તૈયારી હોય તો સર્વત્ર આનંદ હી આનંદ પ્રવર્તે છે. સંવેદના દ્વારા બધો જ અણસાર આવતો રહે છે અને મન તે મુજબ પરિવર્તન સ્વીકારી લે એ જ સફળતાનું રહસ્ય બની રહે છે !!

'વ્યક્તિની 'વસંત' મનથી છે



અને 'પાનખર' મગજથી છે.

જીવન વહેતું રહે તો જ તેમાં શુદ્ધિ રહે, કોઈ પણ રુકાવટથી ચેતનાતત્વ બંધિયાર થતાં અઘટિત ક્ષણઓ કે દિવસો આવી જાય છે. અવકાશી સફરમાં એક નોંધનીય બાબત એ જોવા મળે જ છે કે માણસ તોની જેનામાં શ્રદ્ધા હોય તેને યાદ કર્યા વિના રહી શકતો નથી. જીવનની ક્ષણભંગુરતા અને તકલાદીપણું પ્લેન ઉડાન ભરે એટલે સમજાઈ જતા વાર લાગતી નથી આ એક સચ્ચાઈ છે કારણ કે ખુબ ઊંચાઈએ ઉડતા પ્લેનની કોઈ પણ અણધારી ખરાબી જીવનને ક્ષણભરમાં ખત્મ કરી જ શકે છે ! જેને ચાલતા થાક લાગે તેના માટે માઈલસ્ટોનનાં દર્શન એક સાંત્વના જેવા બની શકે છે. જેણે જીવનમાં પ્રેમનો માર્ગ પસંદ કર્યો તો ત્યાં પણ કોઈ જ માઈલસ્ટોન હોતા નથી. આમ તો પ્રેમ કર્યો એવું કહી ના શકાય કારણ કે તે અચાનક થઈ જતી કુદરતી ઘટના હોય છે જ્યાં રૂહનું સાત્રિપ્સ સર્જાઈ જતું હોય છે અને જો ના હોય તો એ સાચો પ્રેમ કદાચ હોઈ જ ના શકે !! ઓશોનું વિધાન છે કે પ્રેમ ઈતના સત્ય હૈ કિ ઉસ કા ભ્રમ ભી સાર્થક હૈ. બે માણસ જયારે પાસે આવે ત્યારે કોણ કેટલું ચાલ્યું એ મહત્ત્વનું નથી બંને જણ વચ્ચે અંતર કેટલું ઓછું થયું એ અગત્યની વાત હોય છે. ગૌરાંગ ઠાકરનો ખુબ સુંદર શૅર છે.

તમને કંઈ રીતે પ્રણય સમજાવું ?
શાસ્ત્રનો કોઈ વિષય થોડો છે ?

પ્રણય જીવનનું અભિન્ન અંગ છે તેના વગર વિશ્વ ચાલી જ ના શકે પ્રીતની રીતનું પુષ્કળ વૈવિધ્ય છે જે જીવનનું ચાલક બળ હોય છે દરેક વ્યક્તિની એક સર્વ સામાન્ય પીડા કંઈક આવી હોય છે -

'જે સાથે હોય એ સમજતા નથી હોતા
અને જે સમજતા હોય એ સાથે નથી હોતા.'

માનવીને સફર કર્યા વિનાનું જીવન પણ પસંદ નથી અને પ્રેમ હિન જીવન પણ સ્વીકાર્ય નથી ત્યારે વિવેકબુદ્ધિથી બધા જ વ્યવહારો કરવા ઉચિત લાગે છે અર્થાત્ બધુ જ મેળવવું પરંતુ અતિરેક કશાનો નહીં કરવાનો તો કદાચ સફળતા સફરની આયોજિત થઈ શકે છે. ગણતરીમાં ગુંચવાઈ જાય એ પ્યારના હોય અને મહદંશે બહુ ચતુર સાચો પ્રેમ કરી જ શકતા નથી !!

'કિસી સે દિલ લગ જાને કો
મહોબ્બત નહીં કહતે
જિસ કે બિના દિલ ના લગે
ઉસે મહોબ્ત કહેતે હૈ'

વાસ્તવિક દુનિયાના હાલના માનવો મહોરા પહેરીને જીવી રહ્યાં છે એટલે બહારથી દેખાય આપણો અને અંદરથી હોય એ અન્યને તેવી સ્થિતિમાં આપણે પ્રેમને સમજવો એ અઘરો વિષય ગણી શકાય. ન્યોચ્છાર થવાની સર્વસ્વ લૂંટાવી દેવાની તૈયારી ક્યાંય નથી એટલે દગા - વિશ્વાસઘાત - બેવફાઈનાં જ દિવસો ચાલી રહ્યા છે. જીવનની સફરમાં સાચો હમસફર મળવો અતિ દુષ્કર થઈ ગયું જ છે !! આત્માને ઓળખાણ થાય તેવો આત્મા જડવો કે જડી જવો દુર્લભ છે. લાગણીનોને વ્યક્તિ કરવી જ ના પડે અને સહજીવન સુદૃઢ કે સુંદર રીતે ચાલે તેવા યુગલવર્ગ હવે બહુમતિમાં નથી એ કડવી હકીકત છે. પૂર્વનાં ઋણાનુબંધ મુજબ જે પ્રાપ્ત થયું તે ઉત્તમ ગણીને જ જીવવું પડે એ સ્થિતિ જ કદાચ કલિયુગ કહેવાતો હશે ! અસ્તુ જીવવું પડે એ સ્થિતિ જ કદાચ કલિયુગ કહેવાતો હશે ! અસ્તુ

**શેર આસ્વાદ :**

**બાત મુક્કદર પે આ કર રૂકી વર્ના**
**કોઈ કસર ન છોડી થી તુઝે ચાહને મેં**

# ઉકાદાદા જે પક્ષના વોટ આપશે તેને આખા મહોલ્લાના વોટ આપવાના ખરું ને...



**નવાં કલેવર**

નટવર હેડાઉ

છેલ્લા કેટલાય દિવસથી ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો હતો. બંને રાષ્ટ્રીય પક્ષો ઉપરાંત અપક્ષ તરીકે ઊભા રહેલા ઉમેદવારો અને તેમના સમર્થકો દ્વારા ઝંઝાવાતી પ્રચાર કરીને મતદારોને રીઝવવાની કોશિશ થતી હતી. ધજાપતાકાઓ, બેનર્સ અને નેતાઓના મોટાં મોટા કટઆઉસ ઠેસ ઠેસ લગાવાયા હતા. ક્યાંક ધર્મના નામે તો કયાંક જાતિના નામે જોરદાર રીતે પ્રચાર કરવામાં આવી રહ્યો હતો. તેમાં પ્રજાના પ્રશ્નો અને સમસ્યાઓ તો ભુલાઈ જ ગઈ હતી. કોઈ વિકાસના બણગાં ફૂંકતા હતા તો કોઈ ગરીબોના બેલી તરીકે પોતાને ઓળખાવતા હતા. મતદારો ચૂપચાપ આ બધા ખેલ જોતા હતા અને મનમાં મલકાતા હતા. પણ પોતાનું મન કળાવા દેતા ન હતા.તેથી ઉમેદવારો અને તેમના સમર્થકો અસંમજસમાં ઘેરાયેલા હતા.

છેલ્લી ઘડીનું એડી ચોટીનું જોર લગાવવા સૌ કોઈ મથી રહ્યા હતા. ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થતાં પ્રચારના પડઘમ શાંત થઈ ગયા હતા. હવે નેતાજી ઘરે ઘેર ફરી મતદારોને રીઝવવા સીધો સંપર્ક કરી રહ્યાહતા. કયાંક ટેકેદારો કે સમર્થકો દ્વારા મતદારોને દારૂ કે ચવાણાના પેકેટ ચોરી છૂપીથી વહેંચાઈ રહ્યા હતા. ખમતીધર પક્ષના ઉમેદવાર એવા નેતાજી કોઈ પણ સંજોગોમાં ચૂંટણી જીતવા તત્પર બન્યા હતા. તેઓ ફરતા ફરાત ઉકાભાઈના ઝૂંપડા પાસે આવીને ઊભા રહ્યા.

ઉકાભાઈ ૮૦ વર્ષની ઉંમરના વૃદ્ધ હતા. બિમારીના કારણે પથારીમાં પડ્યા હુક્કો પીતા બેઠા હતા. ગરીબી તેમના ઝૂંપડાને ચોમેરથી ઘેરી વળેલી દેખાતી હતી. નેતાજીને તેમનાં ઝૂંપડામાં પ્રવેશ કર્યો.

'નમસ્તે ઉકા દાદા'

'નસસ્તે કોણ ભાઈ...'

'એ તો હું નેતાજી...'

'ઓહ ! ભાઈ ઘણા વર્ષે દેખાયા ને શું, બોલો મારું શું કામ હતું.' ઉકાભાઈએ આંખના આડે હાથનું નેજવું કરતા નેતાજીને ઓળખવાની કોશિશ કરી.

'એ તો હું વોટ માટે આવ્યો છું. આવતીકાલે તમારે મતદાન કરવા સરકારી શાળાએ જવાનું છે. મારો માણસ તમને રીક્ષામાં, બેસાડી લઈ જશે અને પાછા ઘેર મુકી જશે.' નેતાજી એ સમજાવ્યું.

'પણ ભાઈ હું તમને વોટ શું કામ આપું હૈં ! છેલ્લા પંદર વરસથી તમે આવું જ કરતા આવ્યા છો. તમે વાયદા કરેલા કે નળમાં પાણી આવશે, રસ્તા અને વીજળીની સગવડો થઈ જશે, નિશાળ અને દવાખાનું... પણ એ કંઈ થયું નથી.' ઉકાભાઈ એ પરખાવ્યું.

'ઉકા દાદા શું કરું વિરોધપક્ષની સરકાર હતી. છતાં મેં પ્રયત્નો ઘણાં કર્યા. પણ હવે ચિંતા કરશો નહીં. મેં પક્ષ પલ્ટો કરી લીધો છે. હવે તમારા કામ ચપટી વગાડતામાં થશે. ગામ ગોકુળીયું બની જશે.' નેતાજીએ કહ્યું.

'પણ થશે ત્યારે થશે. અત્યારે તો અમારે આ મુસીબતો જ વેઠવાની ને....'

'ના.... ના... લ્યો.. આ રાખો..' કહી નેતાજીએ તેમના હાથમાં બે હજારની ગુલાબી નોટ પધરાવી. ઉકાભાઈ એ તેને આમ તેમ ફેરવીને જોઈ, નોટ તો સાચી હતી. પણ કંઈક વિચારીને ઉકાભાઈ બોલ્યા.

'લ્યો, ભાઈ મારે તમારા આ બે હજાર નથી જોઈતા.'

'તો'

'મને એક ગધેડો લાવી આપો.'

'ભલે, કહી નેતાજી બે હજારની નોટ ખિસ્સામાં સરકારવી આગળ વધ્યા. તેમણે એક કાર્યકરને ઉકાભાઈ માટે ગધેડો લાવી આપવાનું કામ સોંપ્યું.'

પેલો કાર્યકર ગામમાં અને આજુબાજુના વિસ્તારમાં ફરી વળ્યો. તેણે ગધેડો શોધી કાઢ્યો. તે નેતાજી પાસે ખુશ થતાં આવ્યો અને વાત કરી. 'ગધેડો મળી ગયો.' પણ વીસ હજાર તેની કિંમત છે. નેતાજી ચોંકી ઉઠ્યા. રહેવા દે ઉકાદાદાને પથારીમાં પડ્યે પડ્યે ગધેડાને શું કરવો છે. ચાલ તેને બીજી કોઈ રીતે સમજાવી દઈશું. કાર્યકરે હકારમાં માથું હલાવ્યું. પણ પછી બોલ્યા, 'ઉતાવળ કરવી પડશે.' કાલે સવારે આઠ વાગ્યે તે મતદાન શરૂ થઈ જશે.

'હા,' ચાલ અત્યારે જ તેમને મળીએ. તેમનો વોટ તો ખુબ કિંમતી છે. ઉકાદાદા જે પક્ષના વોટ આપશે તેને આખા મહોલ્લાના વોટ આપવાનો ખરું ને...

'જી નેતાજી... ' કાર્યકરે તેમની વાતનો સમર્થન આપ્યું. બંને રાતના અંધારામાં ફરીથી ઉકાભાઈને ઝૂંપડે આવ્યા.

ઉકાભાઈને ઉંમરને કારણે ઊંઘ આવતી ન હતી. તે ખાટલામાં બેઠા હુક્કો ગગડાવતા હતા. નેતાજીને જોઈ તરત તેમણે પૂછ્યું, 'શું ગધેડો લઈ આવ્યા?' ક્યાં છે ?

'દાદા ગધેડો તો વીસ હજારમાં મળે છે.'

'તો શું તું મને ગધેડો સમજે છે કે તને હું મારો વોટ બે હજારમાં આપું' ઉકાભાઈ બોલ્યા.

આ સાંભળી નેતાજી અને તેની સાથે આવેલા કાર્યકરો છોભીલા પડી ગયા અને તે બધા બીજા મતદારોને રીઝવવા આગળ વધી ગયા.